# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 09-01-2026** **EVENING: 7.50 TO 8.00 PM**

**Day :FRIDAY** **National News**

આકાશવાણી સમાચાર સંસ્કૃતિ ભૂંડિયા વાંચે છે.

**************************************************

**1)** વિદેશ મંત્રાલયે કહ્યું કે, ભારત અને અમેરિકા બે પૂરક અર્થતંત્રો વચ્ચે પરસ્પર ફાયદાકારક વેપાર કરારમાં રસ ધરાવે છે.

**2)** કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે વર્ચ્યુઅલી નેશનલ IED ડેટા મેનેજમેન્ટ પ્રણાલિ – NIDMS નો શુભારંભ કરાવ્યો.

**3)** પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે ગુજરાતના ત્રણ દિવસના પ્રવાસે - શ્રી મોદી સાંજે સોમનાથ પહોંચશે અને ઓમકાર મંત્રોના જાપમાં ભાગ લેશે

**4)** સંયુક્ત રાષ્ટ્રના – UNDESA ના અહેવાલ મુજબ ચાલુ નાણાકીય વર્ષમાં ભારતનો આર્થિક વિકાસ દર 7.2 ટકા રહેવાની ધારણા છે

**5)** છત્તીસગઢના દંતેવાડા જિલ્લા માં પોલીસ અધિક્ષક ગૌરવ રાય સમક્ષ 63 માઓવાદીઓએ આત્મસમર્પણ કર્યું.

**6)** પીવી સિંધુ મલેશિયા ઓપન સુપર બેડમિન્ટન સ્પર્ધામાં મહિલા સિંગલ્સ માં સેમિફાઇનલમાં પહોંચી.

.....................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે સાત વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# INDIA - US

વિદેશ મંત્રાલયે આજે ભાર મૂક્યો છે કે ભારત અને અમેરિકા બે પૂરક અર્થતંત્રો વચ્ચે પરસ્પર ફાયદાકારક વેપાર કરારમાં રસ ધરાવે છે અને તેને પૂર્ણ કરવા માટે આતુર છે. નવી દિલ્હીમાં પત્રકારોને માહિતી આપતા વિદેશમંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું હતું કે , બંને પક્ષોએ સંતુલિત અને પરસ્પર ફાયદાકારક વેપાર કરાર પર પહોંચવા માટે વાટાઘાટોના અનેક રાઉન્ડ યોજ્યા છે.

[BYTE - RANDHIR JAISWAL]

અમેરિકાના વાણિજ્ય સચિવની તાજેતરની ટિપ્પણીઓનો ઉલ્લેખ કરતા , પ્રવક્તાએ કહ્યું કે અહેવાલોમાં આ ટિપ્પણીઓનું વર્ણન સચોટ નથી. તેમણે ભાર મૂક્યો કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને અમેરિકા રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ગયા વર્ષે આઠ વખત ફોન પર વાત કરી હતી , જેમાં વ્યાપક ભાગીદારીના વિવિધ પાસાઓનો સમાવેશ થયો હતો.

અમેરિકા દ્વારા સંયુક્ત રાષ્ટ્રના વિવિધ આંતરરાષ્ટ્રીય સંગઠનો અને સંસ્થાઓમાંથી ખસી જવાની જાહેરાત અંગેના પ્રશ્નના જવાબમાં , શ્રી જયસ્વાલે કહ્યું કે ભારત બહુપક્ષીયતાનું સમર્થન કરે છે અને માને છે કે વૈશ્વિક મુદ્દાઓ પર તમામ દેશો દ્વારા સલાહકાર અને સહયોગી પગલાં લેવાની જરૂર છે.

. . . . .

# AMIT SHAH

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આજે વર્ચ્યુઅલી નેશનલ IED વિરોધી અને આંતરિક સુરક્ષા વ્યવસ્થા મજબૂત કરવા માટે રાષ્ટ્રીય IED ડેટા મેનેજમેન્ટ પ્રણાલિની શરૂઆત કરાવી.

આ પ્રણાલિને એન્ટિ - IED અને આંતરિક સુરક્ષા પ્રણાલીઓને મજબૂત બનાવવા તરફ એક મહત્વપૂર્ણ પગલું ગણાવ્યું.

(બાઇટ - અમિત શાહ)

શ્રી શાહે જણાવ્યું હતું કે આ પ્રણાલિ એજન્સીઓ વચ્ચે આંતરિક સંકલનને વધુ સુધારશે. NIDMS દેશભરમાં આતંકવાદ વિરોધી ટુકડીઓ, પોલીસ અને કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળોને ઓનલાઇન ડેટા ઍક્સેસ કરવા અને તેનો ઉપયોગ કરવા સક્ષમ બનાવશે.

. . . . .

# PM -GUJARAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે ગુજરાતના ત્રણ દિવસના પ્રવાસે આવશે. શ્રી મોદી સાંજે સોમનાથ પહોંચશે અને ઓમકાર મંત્રોના જાપમાં ભાગ લેશે. તેઓ સોમનાથ મંદિરમાં ડ્રોન શો પણ નિહાળશે . રવિવારે, પ્રધાનમંત્રી સોમનાથ મંદિરની રક્ષા માટે પોતાના જીવનનું બલિદાન આપનારા અસંખ્ય યોદ્ધાઓના સન્માનમાં આયોજિત શૌર્ય યાત્રામાં ભાગ લેશે . પ્રધાનમંત્રી સોમનાથ સ્વાભિમાન પર્વમાં પણ ભાગ લેશે. આ અંગે સાંભળીએ એક અહેવાલ...

(વોઈસકાસ્ટ – અજય ઈન્દ્રેકર)

સોમનાથ સ્વાભિમાન પર્વના ઉત્સાહથી સમગ્ર સોમનાથ શહેર શિવ મય થઈ ગયું છે. આ મહોત્સવ નિમિત્તે શહેરના મુખ્ય રસ્તાઓ , ચોક અને જાહેર સ્થળોને આકર્ષક લાઇટિંગ અને સુંદર સજાવટથી રોશની કરવામાં આવી છે . પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના આગમનની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે , ત્યારે સોમનાથની પવિત્ર ભૂમિ તેની ઐતિહાસિક ભવ્યતા અને આધુનિક વૈભવનું નવું ચિત્ર રજૂ કરી રહી છે.

દરમિયાન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી 12મી જાન્યુઆરીએ અમદાવાદમાં જર્મન ચાન્સેલર ફ્રેડરિક મેર્ઝને મળશે . બંને નેતાઓ સાબરમતી આશ્રમની મુલાકાત લેશે અને ત્યારબાદ આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવમાં ભાગ લેશે . તેઓ ગાંધીનગરમાં મહાત્મા મંદિર ખાતે દ્વિપક્ષીય વાટાઘાટો કરશે.

બંને નેતાઓ ભારત -જર્મની વ્યૂહાત્મક ભાગીદારીમાં થયેલી પ્રગતિની સમીક્ષા કરશે. આ બેઠકમાં વેપાર અને રોકાણ , ટેકનોલોજી, શિક્ષણ, કૌશલ્ય વિકાસ અને ગતિશીલતાના ક્ષેત્રોમાં સહયોગને વધુ મજબૂત બનાવવા અંગે ચર્ચા કરવામાં આવશે . બંને નેતાઓ પ્રાદેશિક અને વૈશ્વિક મહત્વના મુદ્દાઓ પર પણ ચર્ચા કરશે.

અપર્ણા ખૂંટના અહેવાલ સાથે અજય ઈન્દ્રેકર આકાશવાણી સમાચાર અમદાવાદ.

. . . . . .

# ASHWINI – CREATER CORNER

માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવ અને માહિતી અને પ્રસારણ રાજ્ય મંત્રી ડૉ . એલ. મુરુગને આજે નવી દિલ્હીમાં ક્રિએટર્સ કોર્નરનો પ્રારંભ કરાવ્યો.

પ્રસાર ભારતી દ્વારા શરૂ કરાયેલી આ પહેલનો ઉદ્દેશ્ય ડિજિટલ મંચ પર સર્જનાત્મક સામગ્રી પ્રદર્શિત કરવાનો અને પ્રોત્સાહન આપવાનો છે . કાર્યક્રમને સંબોધતા શ્રી વૈષ્ણવે જણાવ્યું હતું કે સરકારનો ઉદ્દેશ્ય એક કરોડ યુવાનોને અર્થતંત્ર સાથે જોડવાનો છે.

**(બાઈટ – અશ્વિની વૈષ્ણવ)**

. . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો . આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો . વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોૅ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . .

# UN REPORT

સંયુક્ત રાષ્ટ્રના આર્થિક અને સામાજિક બાબતોના વિભાગ – UNDESA એ એક અહેવાલમાં જણાવ્યું છે કે વપરાશ અને જાહેર રોકાણ દ્વારા સંચાલિત ચાલુ નાણાકીય વર્ષમાં ભારતનો આર્થિક વિકાસ દર 7.2 ટકા રહેવાની ધારણા છે.

વિશ્વ આર્થિક સ્થિતી અને સંભાવાનાઓ 2026 અહેવાલમાં પણ ભારતનો આર્થિક વિકાસ દર 2026-27 ના નાણાકીય વર્ષમાં 6.6 ટકા અને 2027-28 ના નાણાકીય વર્ષમાં 6.8 ટકા રહેવાનો અંદાજ છે.

અહેવાલમાં જણાવાયું છે કે તાજેતરના કર સુધારા અને નાણાકીય નીતિમાં સરળતા નજીકના ભવિષ્યમાં અર્થતંત્રને વધારાનો ટેકો પૂરો પાડશે . સંયુક્ત રાષ્ટ્ર અહેવાલ અનુસાર, ભારત અને ઇન્ડોનેશિયા સહિત અનેક મુખ્ય વિકાસશીલ અર્થતંત્રો મજબૂત સ્થાનિક માંગ અથવા લક્ષિત નીતિગત પગલાંને કારણે મજબૂત વૃદ્ધિનો અનુભવ કરવાનું ચાલુ રાખે તેવી અપેક્ષા છે.

. . . . . .

# CHATTISHGADH - MOIST

આજે છત્તીસગઢના દંતેવાડા જિલ્લામાં પોલીસ અધિક્ષક ગૌરવ રાય સમક્ષ 63 માઓવાદીઓએ આત્મસમર્પણ કર્યું. આમાંથી 36 માઓવાદીઓ પર એક કરોડ ઓગણીસ લાખ પચાસ હજાર રૂપિયાનું ઈનામ હતું.

પત્રકારો સાથે વાત કરતા , શ્રી રાયે જણાવ્યું કે આત્મસમર્પણ કરનારા માઓવાદીઓમાંથી 18 મહિલાઓ હતી. આ માઓવાદીઓ દરભા ડિવિઝન , દક્ષિણ બસ્તર, પશ્ચિમ બસ્તર, મદ પ્રદેશ અને પડોશી રાજ્ય ઓડિશામાં સક્રિય હતા

. . . .

# RAJNATH SINGH- EV GRANT

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે આજે જણાવ્યું હતું કે સંરક્ષણ ક્ષેત્ર સંરક્ષણ ઉત્પાદનમાં આત્મનિર્ભર બનવા તરફ આગળ વધી રહ્યું છે . તેમણે ઉત્તર પ્રદેશના લખનૌમાં તેમના મતવિસ્તારના સરોજિની નગર વિસ્તારમાં અશોક લેલેન્ડ ઇલેક્ટ્રિક વાહન ફેક્ટરીનું ઉદ્ઘાટન કર્યું.

સંરક્ષણ મંત્રીએ જણાવ્યું હતું કે સરકારે અનેક નિયમોને સરળ બનાવવા માટે જરૂરી પગલાં લીધા છે , જેનાથી રોકાણકારો અને વ્યવસાયોનો વિશ્વાસ વધ્યો છે. તેમણે જણાવ્યું હતું કે સંરક્ષણ ઉત્પાદન 46 હજાર કરોડ રૂપિયાથી વધીને દોઢ લાખ કરોડ રૂપિયા પ્રતિ વર્ષ થયું છે.

. . .

# PV SINDHU

પીવી સિંધુ મલેશિયા ઓપન સુપર બેડમિન્ટન સ્પર્ધામાં મહિલા સિંગલ્સ માં સેમિફાઇનલમાં પહોંચી ગઈ . સિંધુએ જાપાનની અકાને યામાગુચીને ૨૧-૧૧થી હરાવી.

દરમિયાન, સાત્વિકસાઈરાજ રંકીરેડ્ડી અને ચિરાગ શેટ્ટી પુરુષોની ડબલ્સ ક્વાર્ટર ફાઇનલમાં ફજર આલ્ફિયન અને મોહમ્મદ શોહિબુલ ફિકરી સામે હારી ગયા.

. . . . . . .

# REV RASHTRIYA KHANIJ SHIBIR

કેન્દ્રીય કોલસા અને ખાણ મંત્રી જી. કિશન રેડ્ડીએ કહ્યું, ભારતનો ખાણ ઉદ્યોગ ક્ષેત્ર વર્ષ 2047 સુધીમાં 'વિકસિત ભારત'ના લક્ષ્યને પ્રાપ્ત કરવા માટેનો મજબૂત આધારસ્તંભ બનશે.

ગુજરાતના  ગાંધીનગરમાં મહાત્મા મંદિર ખાતે રાષ્ટ્રીય ખનીજ ચિંતન શિબિરને સંબોધતાં તેમણે કહ્યું  ,  નીતિ સુ ધારાઓ અને ટૅક્નોલૉજીના માધ્યમથી ભારત;  આત્મનિર્ભર ખાણ ઉદ્યોગની શક્તિનું મૂળ સ્રોત બની રહ્યું છે       .  તેમણે ગુજરાતને દેશ માટે વિકાસનું કેન્દ્ર ગણાવતા કહ્યું , ગુજરાતના મોડલને અનુસરીને અન્ય રાજ્યો વચ્ચે વિકાસ અને રોકાણ માટે તંદુરસ્ત સ્પર્ધા શરૂ થઈ છે.

આ શિબિરનો પ્રારંભ કરાવતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ખાણ   -ખનીજ ક્ષેત્રને દેશની અર્થવ્યવસ્થાનો મહત્વનો આધારસ્તંભ ગણાવ્યો.

. . .

# SPORTS GOVERNANCE CONCLAVE

કેન્દ્રીય રમતગમત મંત્રી ડૉક્ટર મનસુખ માંડવિયાએ કહ્યું, ભારતનો અભિગમ હવે સંપૂર્ણપણે "ખેલાડી કેન્દ્રીત" બની રહ્યો છે. ખેલાડીઓના હિતને સર્વોપરી રાખી શકાય તે માટે વર્ષોથી પડતર રહેલા સ્પોર્ટ્સ ગવર્નન્સ બિલ દ્વારા મહામંડળોમાં પારદર્શકતા લવાશે. ગુજરાતના અમદાવાદમાં વીર સાવરકર રમતગમત સંકુલ ખાતે યોજાયેલી સ્પોર્ટ્સ ગવર્નન્સ કૉન્કલેવને સં બોધતાં શ્રી માંડવિયાએ કહ્યું , આગામી 10 વર્ષ માટે વિશેષ "મેડલ સ્ટ્રેટેજી એટલે કે , ચંદ્રક વ્યૂહરચના" તૈયાર કરવામાં આવી છે.

આ પ્રસંગે ગુજરાતના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ કહ્યું, ખેલ મહાકુંભના કારણે રાજ્યના ખેલાડીઓની માનસિકતા બદલાઈ છે અને આ વર્ષે 73 લાખ ખેલાડીની વિક્રમી સહભાગીદારી નોંધાઈ છે.

. . . .